જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૩/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી ૧૬૦ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૪ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૨૬/૧૬**

**દરીયાપુર** : હમઝા અબ્દુલહમીદ શેખ (રહે.ત્રીજા માળે, નુર મંજીલ ફ્લેટ, કરોડાની પોળ, પાંચપટ્ટી, દરીયાપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૩/૧૬ બપોરના ૨/૦૦ થી સાંજનાં ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની લોખંડની જાળીનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાની બંગડી નંગ-૪, સોનાનો હાર, કાનની કડી પાંચ જોડી, લેડીઝ સોનાની વિંટી નંગ ૧૦ મળી કુલ કિંમત રૂપિયા ૩,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.યાદવ ચલાવે છે.

**સોનાની કંઠી ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૭/૧૬**

**ઘાટલોડીયા** : હંસાબહેન વિષ્ણુભાઇ પ્રજાપતી (ઉ.વ.૫૫)(રહે,શાંતીમણી કો.ઓ.હાઉસીંગ સોસાયટી, કે.કે.નગર ચાર રસ્તા ઘાટલોડીયા) તા.૧૩/૩/૧૬ સાંજના ૪/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતાન દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ હંસાબહેનનાં ગળામાંથી સોનાની કંઠી કિંમત રૂપિયા ૨૮,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હંસાબહેન પ્રજાપતિએ તા.૨૦/૩/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એચ કોરોટ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૫૨૮/૧૬**

| | |
|---|---|
| **વેજલપુર**: રેણુકાબહેન કેસરીભાઈ માહોર (ઉ.વ.૧૯)(રહે.શ્રીનગર પ્રતાપકુંજ સોસાયટી મહાદેવ મંદિરની ગલીમાં વાસણા) તા.૧/૩/૧૬ સાંજના સમયે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. લીલા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **વેજલપુર:** હીનાબહેન નરેશભાઈ પુરબીયા (ઉ.વ.૨૭)(રહે.મંગલ તલાવના છાપરાં) તા.૬/૩/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી કશિશ (ઉ.વ.બે) ને સાથે લઈ પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગની સાડી અને ગુલાબી રંગનુ બ્લાઉઝ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **ઘાટલોડીયાઃ** શ્રધ્ધાબહેન નીતીનભાઈ દવે (ઉ.વ.૪૨)(રહે.એપેક્ષ ટલુડોમેટીક્સ પ્રા.લી.બેસ્માન કંપની સામે જીઆઈડીસી ફેજ-૪ નરોડા) તા.૪/૩/૧૬ કલાક ૧૦/૦૦ ઘાટલોડીયા અંબિકા એપાર્ટમેન્ટ ટેલીફોન એક્ષચેન્જ નજીક કાકાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. જમણા હાથના કાડાં પાસે દાઝેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૮૯૧૨૭) |  |
| **સેટેલાઈટઃ** પ્રકાશભાઈ દેવીલાલ કલાલ (ઉ.વ.૩૩)(રહે.સિધ્ધી વિનાયકપાર્ક શક્તિ સ્કૂલ પાસે સેટેલાઈટ) તા.૧૪/૩/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી દૈનિક પેપરની ઉઘરાણી કરવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કોફી રંગનુ શર્ટ અને છીંકણી રંગનુ પેન્ટ પહેર્યુ છે. ડાબા કાનની નીચે ઓપરેશનનુ નિશાન છે. (સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |
| **ખોખરાઃ** અમરનાથ બજરંગીલાલ મોર્ય (ઉ.વ.૪૦)(રહે.બુચેશ્વર મહાદેવની ચાલી અનુપમ સિનેમા સામે ખોખરા) તા.૫/૩/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. મરૂન તથા સફેદ રંગનો લીટીવાળો શર્ટ અને ક્રીમ રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે.(ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| **ગાયકવાડ હવેલીઃ** કવિતાબહેન દિપકભાઈ કહાર (ઉ.વ.૩૦) (રહે.રાયખડ સુંદરી હોલની સામે દેસાઈની ચાલી સામે રાયખડ) તા.૧/૩/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના પુત્ર નિર્મલ (ઉ.વ.૧૨) અને પુત્રી ભુમી(ઉ.વ.૬) ને સ્કોલમાં મુકવા જવાનુ કહી ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગની સાડી પહેરી છે. જમણા હાથમાં લાખાનુ નિશાન છે તેમજ જમના હાથના કાંડાં પાસે વિંછી કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે. ( ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૯૦૬૫૫) |  |
| **દાણીલીમડાઃ** દિનેશભાઈ નટવરભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦)(રહે.સંતોષનગરના છાપરાં મહાકાળી મંદિર પાસે બહેરામપુરા) તા.૪/૩/૧૬ થી એક માસ પહેલાથી નોકરી ગયા બાદ પત્તો નથી. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે.(દાણીલીમડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૨૦૧૫૩) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)